# જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક ભરતી
# ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮- ગુજરાતી માધ્યમ
# વર્ષ:૨૦૨૨ (જાહેરાત ક્રમાંક ૦૫/૨૦૨૨ થી ૦૮/૨૦૨૨)

## ઉમેદવારી નોંધાવવા માટે જરૂરી વિગત, સૂચનો અને માર્ગદર્શન

**ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ સમિતિ, ગાંધીનગર દ્વારા તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ની ગુજરાતી માધ્યમની સામાન્યની જાહેરાત ક્રમ (૫) અને (૬) સંદર્ભે ઉમેદવારો ઓનલાઈન અરજીપત્રક વેબસાઈટ http://vsb.dpegujarat.in ઉપર તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૨૨/૧૦/૨૦૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શક્શે. સ્વીકાર કેન્દ્ર પર અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૨/૧૦/૨૦૨૨ (૧૭:૦૦ કલાક સુધી) રહેશે.**

**તેવી જ રીતે તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ ધોરણ ૧ થી ૫ અને ધોરણ ૬ થી ૮ ની ગુજરાતી માધ્યમની ઘટની જગ્યાની જાહેરાત ક્રમ (૭) અને (૮) સંદર્ભે ઉમેદવારો ઓનલાઈન અરજીપત્રક વેબસાઈટ http://vsb.dpegujarat.in ઉપર તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શક્શે. સ્વીકાર કેન્દ્ર પર અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તારીખ ૦૭/૧૧/૨૦૨૨ (૧૭:૦૦ કલાક સુધી) રહેશે.**

**ઉક્ત બંને જાહેરાતની જગ્યાઓની જિલ્લાવાર અને જાતિવાર વિગત અલગથી વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે**

**ઉપર ક્રમાંક (૫) અને (૬) ની સામાન્ય ભરતીની જિલ્લા પસંદગી અને નિમણૂંકની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ક્રમાંક (૭) અને (૮) ની ઘટની ભરતીની જિલ્લા પસંદગી અને નિમણૂંકની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.**

## શૈક્ષણિક લાયકાત:

- ❖ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક, તા.૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવ તથા તે પછીના તા.૧૪/૦૭/૨૦૧૧, તા.૦૩/૦૫/૨૦૧૨, તા.૧૮/૦૫/૨૦૧૨ તથા તા.૨૨/૧૦/૨૦૨૧ ના સુધારા ઠરાવો અન્વયે વિદ્યાસહાયકની લાયકાતો નીચે મુજબ છે.

### ❖ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) વિદ્યાસહાયક:

(અ) ગણિત/વિજ્ઞાનના વિદ્યાસહાયક:

{1} શૈક્ષણિક લાયકાત:- બી.એસસી. (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર) અને

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસસી. (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર) અને

તાલીમી લાયકાત:- બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એસસી એજ્યુકેશન. (B.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસસી. (ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી, ભૂસ્તરશાસ્ત્ર) અને

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

તથા

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઈલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ તથા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૧/સિં.ફા.૦૭/ક તા.૨૨/૧૦/૨૦૨૧ ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ થી અત્યાર સુધી શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ- TET-II - ગણિત/વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

<u>(બ) ભાષાઓના વિદ્યાસહાયક:</u>

{1} શૈક્ષણિક લાયકાત:- બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી (અંગ્રેજી,ગુજરાતી, હિન્દી,સંસ્કૃત) અને

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ. અને

તાલીમી લાયકાત:- બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એ. (અંગ્રેજી,ગુજરાતી,હિન્દી,સંસ્કૃત) એજ્યુકેશન. (B.A.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી (અંગ્રેજી,ગુજરાતી,હિન્દી,સંસ્કૃત) અને

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

તથા

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઈલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ તથા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૧/સિં.ફા.૦૭/ક તા.૨૨/૧૦/૨૦૨૧ ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ થી અત્યાર સુધી શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ- TET-II - ભાષાઓ) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

<u>(ક) સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક:</u>

{1} શૈક્ષણિક લાયકાત:-બી.એ (ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય

સાથે)/બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ (ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત:- બી.એડ.(એક/બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ અને

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એ.(ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.આર.એસ.(ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) એજ્યુકેશન. (B.A.Ed/B.Com.Ed/ B.R.S.Ed/B.S.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ.(ઈતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.આર.એસ. (ઈતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.એસ.એસસી.(ઈતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

તથા

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલ ફાઈલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨, તા.૨૮/૦૪/૨૦૧૬ તથા ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૨૦૨૧/સિં.ફા.૦૭/ક તા.૨૨/૧૦/૨૦૨૧ ની જોગવાઈ મુજબ સને ૨૦૧૧ થી અત્યાર સુધી શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ- TET-II – સામાજિક વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

## ❖ નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ વિદ્યાસહાયક

(૧) શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ અને

(૨) તાલીમી લાયકાત: (ક) પી.ટી.સી./ D.El.Ed (બે વર્ષ)

અથવા

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.El.Ed)

અથવા

(ગ) બે વર્ષનો ડિપ્લોમાં ઈન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

તથા

(૩) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ TET-I ) સને ૨૦૧૧ થી અત્યાર સુધી ૬૦ ટકા ગુણ સાથે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલ હોવી જોઈશે.

(૪) જગ્યાઓ પૈકી ૧૦% જગ્યાઓ એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ) માં ૪૫% ગુણ સાથે પાસ થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે.

## પગાર ધોરણ:

- વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ /૨૦૦૨/ ૫૭ /(પાર્ટ-૨)ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ મુજબ નક્કી કરેલા ફિક્સ પગાર પર અને સેવાઓની શરતોમાં કરેલ સુધારા મુજબના લાભ મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમાણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો-વખત નિયત કરેલ પગાર-ધોરણમાં સમાવવામાં આવશે.

## વયમર્યાદા:

- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક;પીઆરઈ/૧૧૧૦/૨૨૩-ભાગ-૨/ક, તા.૨૧/૦૪/૨૦૧૬ મુજબ
    - નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ વિદ્યાસહાયક માટે લઘુત્તમ વર્ય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૩ વર્ષ
    - ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૬ થી ૮ વિદ્યાસહાયક માટે લઘુત્તમ વર્ય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષ
    - સા.વ.વિ.ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવ અનુસાર ઉપર દર્શાવેલ વય મર્યાદામાં ૧ (એક) વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

## વયમર્યાદામાં છુટછાટ:

- સા.વ.વિ. ના તા.૨૯/૦૯/૨૦૨૨ ના ઠરાવની જોગવાઈ ધ્યાને લીધા પછી નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે.
- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત અને આર્થિક રીતે નબળા વર્ગો (EWS)ના ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયામર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામન્ય વહીવટ વિભગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયામર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયામર્યાદા ૧૦ (દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે. (Resolution No.CRR:1063/6132-G Dt.05/01/1965)
- માજી.સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ,વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી.સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- નોંધ:- તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા નિયમ અનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈપણ સંજોગેમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહી.

## વિધવા ઉમેદવાર માટે છૂટછાટ

- શિક્ષણ વિભાગના તા.૦૭/૧૦/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૨/૪૫૯/ક થી વિદ્યાસહાયક ભરતીમાં વિધવા મહિલા ઉમેદવારોને “શિક્ષક યોગ્યતા કસોટી” પરીક્ષામાં મેળવેલ ગુણના ૫૦% તથા તેની

શૈક્ષણિક લાયકાતમાં મેળવેલ ગુણના ૫૦% ગુણના આધારે તૈયાર થનાર આખરી મેરીટમાં વિધવા મહિલા ઉમેદવારને તેણીએ મેળવેલ ગુણના કુલ ૫% ગુણ મળવાપાત્ર થશે.

- આ લાભ એવી મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણૂંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય.
- વિધવા મહિલા ઉમેદવાર ઓનલાઈન અરજી તથા નિમણૂંક દરમ્યાન વિધવા હોવાનો સક્ષમ સત્તાધિકારીનો દાખલો રજૂ કરવાનો રહેશે. તથા પુન:લગ્ન ન કર્યા અંગેનું સોગંદનામુ રજૂ કરવાનું રહેશે.

## ઉમેદવારોએ અરજીપત્ર ભરતાં ધ્યાનમાં લેવાની વિગતો અને સુચનાઓ

{1} ઉમેદવારોએ નીચે આપેલા સુચનોનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ઉમેદવારી પત્ર ભરવું.

{2} સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઈશે.

{3} પી.ટી.સી./D.El.Ed ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી./D.El.Edની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

{4} ઉમેદવારે પી.ટી.સી./D.El.Ed/બી.એડ./ચાર વર્ષીય B.El.Ed. ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈએ.

{5} રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.El.Ed.ની લાયકાતવાળા ઉમેદવારોએ પ્રાપ્ત ગુણ તરીકે 'marks for merit' ગણતરીમાં લેવાના રહેશે. એટલે કે ૫૦૦+૧૦૦=૬૦૦ માંથી મેળવેલ ગુણ ગણવાના રહેશે.

{6} બે વર્ષીય D.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) માન્ય સંસ્થામાંથી પાસ કરેલ હોવી જોઈશે.

{7} આ નિમણૂંકો રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ અને ૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધિન રહેશે

{8} મેરીટમાં આવતાં ઉમેદવારોના કોલ લેટર http://vsb.dpegujarat.in પરથી ઓનલાઈન જ ઉપરથી મેળવવાના રહેશે. અન્ય કોઈ રીતે કોલલેટર મોકલવામાં આવશે નહીં. તેમજ ઉમેદવારે કોલ-લેટરમાં દર્શાવેલ તારીખે જ જિલ્લા/નગર પસંદગી આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં તે પછીની તારીખે પસંદગીની તક આપવામાં આવશે નહી

{9} ઉમેદવારે જો ટેટની પરીક્ષા એક કરતા વધુ વખત આપેલ હોય તો ઉમેદવાર ટેટ (શિક્ષક અભિયોગ્યતા કસોટી) ની જે માર્કશીટ રજૂ કરશે તે જ માન્ય રાખવામાં આવશે.

{10} અરજી ફોર્મ સાથે શૈક્ષણિક અને તાલીમી લાયકાતના તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકો, ડીગ્રી પ્રમાણપત્ર, ટ્રાયલ સર્ટીની એક-એક પ્રામાણિત નકલ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની એક-એક પ્રામાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રામાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઈ કરવા માટે ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી.

{11} જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રામાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે.

{12} અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે ગુજરાત સરકારના અધિકૃત અધિકારીનું જાતિ વિષયક પ્રમાણપત્ર માન્ય ગણાશે. આવા ઉમેદવારોને સબંધિત અનામત કક્ષાની જગ્યાઓ માટે ઠરાવની જોગવાઈ મુજબ ગુણ અને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

{13} મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ રાખવાની રહેશે.

**{14} સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગે(નોન ક્રિમેલીયર સર્ટી)**

- **a.** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું (નોન ક્રિમેલીયર સર્ટી) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ મુજબ નિયત થયેલ પરિશિષ્ટ ક/પરિશિષ્ટ ૪ ના નમૂનામાં રજૂ કરવાનું રહેશે.
- **b.** પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય ગણાશે નહિ
- **c.** તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેની મહત્તમ અવધિ ઈસ્યુ થયાના વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષ રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઇએ.
- **d.** અંગ્રેજીમાં રજૂ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રહેશે નહિ.

{15} **આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર (E.W.S.)**

- **a.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવમાં દર્શાવ્ય મુજબ પરિશિષ્ટ – ગ ના નમૂનામાં રજૂ થયેલ હોવું જોઈએ.
- **b.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ પ્રમાણપત્રની અવધિ ત્રણ નાણાંકીય વર્ષ સુધીની છે. આ મુજબ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે (કટ-ઓફ-ડેટ) પ્રમાણપત્રની અવધિ જળવાતી હોવી જોઈએ.

❖ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૮ ના કાયદાથી રાજ્ય સરકારની વિવિધ સંવર્ગોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગમાં નિમણૂંક માટે પસંદ થયેલ તમામ ઉમેદવારોને નિમણૂંક આપતાં પહેલાં જાતિના પ્રમાણપત્રોની ચકાસણી સંબંધિત વિશ્લેષણ સમિતિ સમક્ષ કરાવવાની થાય છે. તે મુજબ સંબંધિત નિમણૂંક સત્તાધિકારી દ્વારા ચકાસણી કરાવ્યા બાદ જે ઉમેદવારના જાતિ પ્રમાણપત્ર ખોટા ઠરશે તેમનો જિલ્લા/નગર પસંદગી હુકમ આપોઆપ રદ થશે. તેવી બાંહેધરી જિલ્લા પસંદગી પહેલાં આપવાની રહેશે.

{16} **શારીરિક અશક્તતા પ્રમાણપત્ર**

(i). શારીરિક અશક્તતા અંગેનું પ્રમાણપત્ર- શારીરિક અશકતતા ધરાવતાં ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબ 'પરિશિષ્ટ-અ' ના નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(ii). શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૧૨/સિ.ફા.-૫/ક/(પાર્ટ-૧), તા.૧૮/૦૧/૨૦૨૨ અન્વયે Category of Disability

- **(A).** Blind-(B), low vision (LV) (૪૦-૭૦% )
- **(B).** (B) Hard Of Hearing (HH) (૪૦-૭૦% )
- **(C).** Locomotor disability :- OA – One Arm, OL – One leg, BL – Both legs, OAL – One Arm and One Leg, LC- Leprosy Cured, CP- Cerebral palsy, Dw- Dwarfism, AAV- Acid attack victim
- **(D).** MI- Mental illness(૪૦-૭૦% ), MD- Multiple Disabilitie(૪૦-૭૦% )

આમ ઉપરોક્ત (A) થી (D) પ્રકારની વિકલાંગતાની ખામી ધરાવતા ઉમેદવારોને વિદ્યાસહાયકની ફરજોને અનુરૂપ ગણેલ છે.

(iii). ઉપર જણાવેલ વિકલાંગતાની ખામી ધરાવતાં ઉમેદવારોનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સંબંધિત જિલ્લામાં પ્રમાણપત્રની ખરાઈ તેમજ વિકલાંગતાની પુન: ચકાસણી કરાવવામાં

આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટું જણાશે તો જિલ્લા પસંદગી હુકમ તથા નિમણૂંક હુકમ આપોઆપ રદ થશે તેવી બાંહેધરી જિલ્લા પસંદગી પહેલાં આપવાની રહેશે.

**{17} માજી સૈનિક માટે:**

a. ઉમેદવારે ઓછામાં ઓછી ૬ માસની નોકરી આર્મ ફોર્સીસમાં હોવી જોઇએ અને તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જોઇએ.

b. માજી સૈનિક માટે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરવાની રહેશે

**{18} ના વાંધા પ્રમાણપત્ર (એન.ઓ.સી.)**

a. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ-૬/ક, તા.૨૨/૦૩/૨૦૧૭ની જોગવાઇ મુજબ હાલ સરકારી શાળાના વિદ્યાસહાયક કે શિક્ષક તરીકે નોકરીમાં હોય અને તેઓ એ જ સંવર્ગની નોકરી માટે અરજી કરતાં હોય તે તમામે સંબંધિત નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી. (ના વાંધા પ્રમાણપત્ર) મેળવી અરજીપત્ર સાથે સામેલ કરવાનું રહેશે.

b. એન.ઓ.સી. મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન ઉપર આવશે તો અરજી રદ થવાને પાત્ર રહેશે.

c. એન.ઓ. સી. મેળવનાર ત્રણ વર્ષથી વધુ નોકરીવાળા ઉમેદવારોએ રાજીનામું મંજૂર કરાવ્યાની નકલ રજૂ કર્યેથી જ જિલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે.

d. એન.ઓ. સી. મેળવનાર ત્રણ વર્ષથી ઓછી નોકરીવાળા ઉમેદવારોએ બોન્ડની ત્રણ લાખની રકમ ભર્યાનું ચલન અને રાજીનામું મંજૂર કરાવ્યાની નકલ રજૂ કર્યેથી જ જિલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે.

e. શિક્ષક સિવાયના અન્ય સરકારી નોકરી કરતાં કર્મચારીએ તેમના ખાતામાંથી નિમણૂંકના સ્થળે હાજર થવા માટે ફરજ મુક્ત થવાની જવાબદારી અંગત રહેશે. જિલ્લા કક્ષાએથી મેળવેલ નિમણૂંક હુકમમાં આપેલ સમય-મર્યાદા સિવાય અન્ય કોઈ મુદ્દત વધારો મળવાપાત્ર થશે નહી.

{19} ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને N.C.T.E./R.C.I ની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ( માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

{20} સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૫/૦૭/૨૦૦૮ ના પરીપત્ર નં પીઆરઇ/૧૧૦૮/૮૧૪/ક ની જોગવાઇ મુજબ વિદ્યાસહાયક ભરતીમાં રમત-ગમત પ્રમાણપત્રોના આધારે મળતા ગુણ મેરીટમાં ધ્યાને લેવામાં આવશે નહિ.

{21} બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ અને આર્થિક નબળા વર્ગ તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારો માટે અરજી ફી ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) રહેશે. જે ઉમેદવારે અરજીપત્ર સબમીટ કરાવતાં સ્વીકાર કેન્દ્ર પર રોકડેથી ભરવાના રહેશે. ફી ભર્યા સિવાયના અરજીપત્ર રદ થયેલ ગણાશે.

**{22} અરજીપત્રમાં ગુણ દર્શાવવા બાબત.**

**એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરનાર ઉમેદવારના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા૨૦/૦૧/૨૦૧૭ના જાહેરનામાના ક્રમાંક: જીએચ/એસએચ/૦૨/પીઆરઇ/૧૧-૨૦૧૬/ એસએફ-૮/કે ના ૮ (૨) મુજબ**

a. ઉમેદવારે છેલ્લે આપેલ પરીક્ષા એટલે કે જે તે લાયકાતના અંતિમ સેમેસ્ટર/અંતિમ વર્ષમાં નાપાસ/ગેરહાજર હોય તો જ ટ્રાયલ ગણવાપાત્ર થાય. જો લાયકાતના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર ન હોય તો ટ્રાયલ ગણવો નહી. સદર બાબતે યુનિવર્સિટીમાંથી મેળવેલ ટ્રાયલ સર્ટિફિકેટમા દર્શાવેલ ટ્રાયલની વિગત જુદી પડવાની શક્યતાઓ રહેલ છે પરંતુ આ અંગે ઉમેદવારે યુનિવર્સિટી પાસેથી સુધારેલ ટ્રાયલ સર્ટિફિકેટ લેવાની જરૂરિયાત રહેતી નથી.

b. જો અંતિમ વર્ષ/સેમિસ્ટરમાં નાપાસ હોય, ગેરહાજર હોય અને ઉમેદવારે તમામ વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય અને પાસ થયેલ હોય તો ટ્રાયલ ગણવાનો રહેતો નથી.

c. અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં નાપાસ/ગેરહાજર હોય અને ઉમેદવારે કોઇ વિષયની મુક્તિ લઇ અમુક વિષયની પરીક્ષા ફરીથી આપેલ હોય તો ફરીથી જેટલા વિષયની પરીક્ષા આપેલ હોય તેટલા વિષયના કુલ અને મેળવેલ ગુણ ગ્રાન્ડ ટોટલમાં ઉમેરી સરવાળો કરવો અને ગુણ ગણતરી કરવી.

d. કેટલીક યુનિવર્સિટીના કિસ્સામાં ગ્રાન્ડ ટોટલની ગણતરીમાં તમામ વર્ષ/સેમેસ્ટરના કુલ ગુણ/મેળવેલ ગુણ આપેલ હોય અને અંતિમ વર્ષ/સેમેસ્ટર સિવાય (અગાઉના વર્ષ/સેમેસ્ટર) ટ્રાયલ હોય તો ટ્રાયલવાળા વર્ષ/સેમેસ્ટરના નાપાસ ગુણની જગ્યાએ પાસના ગુણ રિપ્લેસ કરી મેળવેલ ગુણ ગણવાના રહેશે.

e. જો કોઇ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મુલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મુલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતા ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

f. ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક અને તાલીમી લાયકાત અંગે તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રક જોડવાના રહેશે.

{23} ઉમેદવારોએ અરજીપત્રમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણ જ દર્શાવવા. જો માર્કશીટમાં કુલ ગુણ અને મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRAD/EQUIVALENT PERCENTAGE આપેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી પાસેથી ગુણપત્ર મેળવીને કુલ ગુણ અને મેળવેલ ગુણ દર્શાવવા. ફોર્મુલાની મદદથી કન્વર્ટ કરેલ કુલ ગુણ અને મેળવેલ ગુણ માન્ય રહેશે નહી. સ્નાતક અને અનુસ્નાતકમાં યુનિવર્સિટી દ્વારા જે પેટર્નમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવેલ હશે તે પેટર્ન મુજબના ગુણ ધ્યાને લેવામાં આવશે. ગુણ અંગે યુનિવર્સિટીમાંથી મેળવેલ પ્રમાણપત્ર અરજીપત્ર સાથે સામેલ કરવાનું રહેશે.

{24} જો F.Y./S.Y. અન્ય યુનિવર્સિટીમાંથી કરેલ હોય અને T.Y. ની માર્કશીટમાં T.Y જે યુનિવર્સિટીમાંથી કરેલ હોય તે યુનિવર્સિટીની પેટર્નમાં F.Y/S.Y ગ્રાન્ડ ટોટલમાં ગણેલ હોય તો યુનિવર્સિટીની T.Y ની માર્કશીટની પેટર્ન મુજબ F.Y./S.Y ગુણ ઉમેરવાના રહેશે.જો લાયકાતના બધા સેમ્સ્ટર/વર્ષ એક જ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ હોય તો તે યુનિવર્સિટીની પેટર્ન મુજબના ગુણ ધ્યાને લેવામાં આવશે.

{25} ડિપ્લોમાં (D.Pharm/D.E) વગેરેમાંથી એસ.વાયમાં સીધા પ્રવેશ મેળવનાર ઉમેદવારના કિસ્સામાં પણ ઉપરોક્ત વિગતે યુનિવર્સિટીની પેટર્ન મુજબ F.Y. ના ગુણ અન્વયે ડિપ્લોમાંના અંતિમ બે સેમેસ્ટરના ગુણ ઉમેરવાના રહેશે. યુનિઅર્સિટીની પેટર્નમાં T.Y. ની માર્કશીટમાં F.Y ના ગુણ ગણતરીમાં ન લેવાતાં હોય તો આવાં ગુણ ઉમેરવાના રહેશે

**{26} એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી કોલેજો**

a. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પરચ/૨૦૧૮/આર-૨૩/ખ-૧, તા.૨૬/૧૧/૨૦૧૯ ના ઠરાવ અનુસાર શિક્ષણ વિભાગના તા.૦૧/૦૯/૨૦૧૨ બાદ ગુજરાત રાજ્યના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ હોય તેવી તમામ સંસ્થાઓ જે તેના કાર્યક્ષેત્ર હેઠળની ગુજરાતની સરકારી યુનિવર્સિટીમાં જોડાણ મેળવી લીધેલ હોય તેવી સંસ્થાઓના રાજ્ય સરકારની યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવાના સમયગાળા પહેલાની એસ.એન.ડી.ટી. વુમેન્સ યુનિવર્સિટી, મુંબઇ સંલગ્ન ડીગ્રીને માન્ય ગણવાનું ઠરાવેલ છે.

b. ગુજરાત રાજ્યમાં આવેલી અને અગાઉ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી અને વર્ષ ૨૦૧૨ પછી લાયકાત મેળવેલ હોય તેવા ઉમેદવારોએ તે કોલેજે ગુજરાતની કોઇ પણ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવ્યા અંગેના આધાર રજૂ કરવાના રહેશે.

**{27} નીચે દર્શાવેલ ઓપન યુનિવર્સિટીમાંથી ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નીંગ દ્વારા મેળવેલ ડીગ્રી માન્યગણાશે.**

i. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની (ગુજરાતના સેન્ટરમાંથી પરીક્ષા આપેલ હોય) મેળવેલ ડિગ્રી

ii. ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની ડીગ્રી

{28} **રાજ્ય બહારની યુનિવર્સિટીમાંથી રેગ્યુલય અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાત માટે ઉમેદવારે નીચે દર્શાવેલ આધારો પૈકી રેગ્યુલર અભ્યાસ કર્યો છે તેની ખાત્રી કરાવે તેવા જરૂરી આધારો રજૂ કરવાના રહેશે.**

a. અન્ય રાજ્યની કોલેજમાં પ્રવેશ માટે ભરેલ ફીની પાવતી અને કોલેજ/યુનિવર્સીટીનું બોનાફાઈડ પ્રમાણપત્ર.

b. અભ્યાસ દરમિયાન જ્યાં રહેઠાણ હોય તેનો પુરાવો, હોસ્ટેલમાં રહેઠાણ હોય તો હોસ્ટેલ ફી ભર્યાની પાવતી.

c. પરીક્ષા જે સ્થળે આપેલ હોય તે સ્થળની હોલ ટીકટ (સંબંધિત વર્ગ નિરીક્ષકની સહી સાથે)

d. માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની લાયકાત રેગ્યુલર અભ્યાસક્રમ (નિયમિત અભ્યાસક્રમ) દ્વારા મેળવેલ છે. તે અંગે યુનિવર્સિટી રજીસ્ટારનું પ્રમાણપત્ર

e. અન્ય રાજ્યમાં સ્નાતક થયા હોય તો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડનું સ્થળાંતર પ્રમાણપત્ર (માઈગ્રેશન સર્ટી)ની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ.

f. અન્ય રાજ્યમાં અનુસ્નાતક થયા હોય તો સ્નાતકનો છેલ્લો અભ્યાસ જે યુનિવર્સીટીમાંથી કરેલ હોય તેનું સ્થળાંતર પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ અથવા તેની ડુપ્લીકેટ નકલ

g. અભ્યાસ કરેલ કોલેજે જે યુનિવર્સિટીમાંથી માન્યતા/જોડાણ મેળવેલ હોય તો તેની નકલ અને યુ.જી.સી.ની માન્યતાની નકલ.

**h.** યુનિવર્સિટી/કોલેજમાંથી રેગ્યુલર અભ્યાસ કર્યા અંગેનો અન્ય કોઇ પુરાવો હોય તો તે

{29} પ્રોવિઝનલ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારો અરજીમાં દર્શાવેલ વિગતો અને ગુણ સંબંધિત ક્ષતિ હોય તો ઓનલાઈન ક્ષતિ સુધારણા પત્રક મેળવી તેમાં સુધારા કરી શકશે. મૂળ અરજીમાં દર્શાવ્યા સિવાયની નવિન કોઈ વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં.

{30} અરજીપત્રની હાર્ડકોપી (પ્રિન્ટ કરેલ) સ્વીકાર કેન્દ્ર ઉપર જમા કરાવતાં પહેલાં અરજીપત્ર, અનુસૂચિ-૧ (ચેકલિસ્ટ), ફી ભર્યાની પાવતી પહેલા, બીજા અને ત્રીજા ક્રમે અને ત્યાર બાદ સ્કેન કરેલ તમામ આધારો/પ્રમાણપત્રોને ૧ થી ક્રમમાં નંબર આપી ક્રમમાં જોડવાના રહેશે. આધારો/પ્રમાણપત્રો ઉપર આપેલ પાના નંબર ચેકલિસ્ટમાં સંબંધિત કોલમમાં દર્શાવવાના રહેશે.

{31} ઉમેદવાર એક વખત સબમીટ કરાવેલ અરજીપત્રમાં એડીટ કરીને સુધારો કરે તો તેણે સુધારા કરેલ અરજીપત્રની હાર્ડ કોપી રજૂ કરવાની રહેશે. જો આવી કોપી રજૂ કરેલ નહીં હોય તો આવા અરજીપત્ર રદ ગણાશે.

# ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ

(1) ઉમેદવારે ખોટી માહિતી રજૂ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(2) વિદ્યાસહાયક ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ વિદ્યાસહાયક ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઇટ જોતા રહેવું.

(3) અરજી પત્રકમાં તમારો મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો.અને તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરૂરી છે.

(4) ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઇ-મેઇલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય.ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ઇ-મેઇલ જોતા રહેવું.

(5) ઉમેદવાર પોતે આખરી પસંદગીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી.

(6) વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતો ને આધિન રહેશે.

(7) વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

(8) શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી એટલે કે સામાન્યની જાહેરાત ક્રમ (૫) અને (૬) માટે તા.૨૨/૧૦/૨૦૨૨ તથા ઘટની જગ્યા માટેની જાહેરાત ક્રમ (૭) અને (૮) માટે તા.૦૭/૧૧/૨૦૨૨ (CUT-OFF DATE) રહેશે. આ CUT –OFF DATE બાદ મેળવેલ કોઈપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

(9) જાહેરાતમાં આપેલ સુચનાઓ/માર્ગદર્શન બાબતે વિવાદ અંગે ઠરાવની જોગવાઇ મુજબનું અર્થઘટન માન્ય ગણાશે.

(10) ઉમેદવારે ફી ભરી જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

(11) ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત આપવામાં આવશે નહિ.

(12) પ્રોવિઝનલ/ફાઇનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઇ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(13) ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઇ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

(14) ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઇટ ઉપર જોવા મળશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે.જે અંગે પાછળથી કોઇ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહિ.

તા.૧૦/૧૦/૨૦૨૨
સ્થળ:-ગાંધીનગર
જાહેરાત ક્રમાંક.વિસભ:૦૫ થી ૦૮/૨૦૨૨

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.

# અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સુચનાઓ:

1. વિદ્યાસહાયક ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ http://vsb.dpegujarat.in ઉપરથી સામાન્ય જગ્યાની જાહેરાત ક્રમ (૫) અને (૬) માટે તા.૧૩/૧૦/૨૦૨૨ થી તા.૨૨/૧૦/૨૦૨૨ અને ઘટની જગ્યાની જાહેરાત ક્રમ (૭) અને (૮) માટે તા.૨૯/૧૦/૨૦૨૨ થી તા.૦૭/૧૧/૨૦૨૨ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.
2. અરજીપત્રક ભરતા પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવારો માટેની સુચનાઓ, ઠરાવો, પરિપત્રો અને પત્રકોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો.
3. ઉમેદવારોએ સૌથી પહેલાં રજિસ્ટ્રેશન લિન્ક ઉપરથી પોતાની વિગતો ભરી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યાર બાદ લોગિન થયેથી અરજીપત્રક ખુલશે.
4. ઓનલાઈન અરજીપત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશ: ભરી અરજીપત્રક Save કરવાનું રહેશે. ઓનલાઈન Save કર્યા બાદ અરજીપત્રક સાથે જરૂરી લાગુ પડતાં તમામ આધાર/પુરાવાઓ ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ત્યાર બાદ અરજીપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.
5. ઓન-લાઇન ભરેલું ફોર્મ કમ્પ્યુટર ઉપર SAVE કરતાં પહેલાં તે માહિતી ઓન-લાઇન ચકાસી લેવી અને ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો તે કરી લેવો. એકવાર સ્વીકાર કેન્દ્ર કક્ષાએ અરજીપત્ર Final Submit થયા બાદ તેમાં સુધારો કરી શકાશે નહીં.
6. અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર સામાન્ય જગ્યાની જાહેરાત ક્રમ (૫) અને (૬) માટે તા.૧૩/૧૦/૨૦૨૨ થી તા.૨૨/૧૦/૨૦૨૨ અને ઘટની જગ્યાની જાહેરાત ક્રમ (૭) અને (૮) માટે તા.૨૯/૧૦/૨૦૨૨ થી તા.૦૭/૧૧/૨૦૨૨ (રવિવાર અને જાહેર રજા સિવાય) સુધી રૂબરૂમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
7. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહિ. આમ છતાં જિલ્લા કક્ષાએ Final Submit થયા બાદ પણ જો કોઈ સુધારો કરવાની જરૂર જણાય તો કામ-ચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ક્ષતિ સુધારણામાં ઓનલાઈન ક્ષતિ સુધારણા ફોર્મ મેળવી સુધારો કરી શકાશે. પરંતુ નવિન વિગત/માહિતી/લાયકાત ઉમેરી શકાશે નહીં.
8. સ્વીકાર કેન્દ્રની યાદી વેબસાઇટ http://vsb.dpegujarat.in ઉપર મુકવામાં આવેલ છે.
9. અરજીપત્રની હાર્ડકોપી રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
10. અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ સ્વીકારનારની સહીવાળી પહોંચ મેળવી સાચવવી,અને પસંદગી સમયે અચુક સાથે લાવવી
11. સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. રજૂ થયેલ અરજીપત્રો રદ ગણાશે.

તા..૧૦/૧૦/૨૦૨૨
સ્થળ:-ગાંધીનગર
જાહેરાત ક્રમાંક.વિસભ:૦૫ થી ૦૮/૨૦૨૨

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.